ॐ

गजाननं भूतगणादिसेवितं कपित्थजम्बूफलचारूभक्षणम् ।
उमासुतं शोकविनाशकारकं नमामि विघ्नेश्वरपादपङ्कजम् ॥

## અનુક્રમ


પહેલા સમરૂ ગણપતિ દેવા ........ 1
પ્રથમ પહેલા સમરીયે ........ 1
ગણપતિ વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં ........ 2
ઓ દુનિયાનાં દુઃખ હરનારાં, તું જાતે દુઃખી કેમ થયો ........ 3
એ મોરલી મધુવનમાં રે વાગી ........ 4
કભી રામ બનકે, કભી શ્યામ બનકે ........ 5
ચોરી ચોરી માખણ ખાઈ ગયો રે ........ 6
હો હો રે કાન લાગે રૂપાળો ........ 7
એકવાર એકવાર એકવાર મોહન મારે મંદિરએ આવોજી રે ........ 8
શામળીયા ને કહેજો રે ........ 9
મીઠી મારી આંખડીના તારા ........ 10
કરજે કરજે નૈયા પાર કનૈયા તારો છે આધાર ........ 11
મથુરામાં ખેલ ખેલી આવ્યાં ........ 12
મારે નાની નાની ગલીઓમાં ધૂમવું છે ........ 13
ધૂન - વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા ........ 14
શબરી બેઠી વનમાં પોકારે રામ રામ ........ 15
ધૂન – પાંચ પચ્ચીસનાં ઝગડામાં હીરો ખોવાયો મારો વગડામાં ........ 16
મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ ........ 17
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી, યમુનાજી મહાપ્રભુજી ........ 18

મારી હુંડી સ્વીકારો મહારાજ રે ........................................................ 20
તમે મન મુકીને વરસ્યાં ........................................................ 22
પાલવડો મેલી દીયો નંદલાલા........................................................ 23
ધૂન - હાં રે મારો કાનો પાંચ વર્ષનો ................................................ 24
આનંદ ઉમંગ ભયો જય હો નંદ લાલકી........................................... 25
શંભુ ચરણે પડી, માંગુ ઘડી એ ઘડી, કષ્ટ કાપો ................................ 26
થાળ - મારા રસભીના રણછોડ ........................................................ 28
આરતી - જય કાના કાળા, પ્રભુ જય કાના કાળા ................................ 29
સાચા સત્સંગમાં રે આજ મને લાલો દેખાય છે ................................ 30
મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે............................................... 31
હે પંપાસરોવરની પાર શબરીની ઝુપડી........................................... 32
ઓ મારા વ્હાલા રે તારો ભરોશો મને ભારી.................................... 33
રણછોડજી આવો જરી અમને તમારી જરૂર પડી............................. 34
માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો................................................ 36

ॐ

શ્રી ગણેશાય નમઃ

## પહેલા સમરૂ ગણપતિ દેવા

પહેલા સમરૂ ગણપતિ દેવા,
વિઘન લેજો કાપી રે વ્હાલા... પહેલા...
બીજે સમરૂ શારદા માતા,
વાણી નિર્મળ આપી રે વ્હાલા... પહેલા...
ત્રીજે સમરૂ ગુરૂ ચરણને,
પાવન કીધા પાપી રે વ્હાલા... પહેલા...
ચોથે સમરૂ માતા પિતાને,
સદબુદ્ધિ બહુ આપી રે વ્હાલા... પહેલા...
પંચમ પુનિત પરમેશ્વરને,
માનવ પદવી આપી રે વ્હાલા... પહેલા...

ૐ

## પ્રથમ પહેલા સમરીયે

પ્રથમ પહેલા સમરીયે રે સ્વામી તમને સુઢાળાં...
રીદ્ધી સિદ્ધિ નાં દાતાર છો દેવતા...
રીદ્ધી સિદ્ધિ નાં આગેવાન મારા દેવતા... મ્હેર કરોને મહારાજ...

માતા રે કહીએ પાર્વતી રે સ્વામી તમને સુઢાળાં...
પિતા શંકર દેવ દેવતા...(૨) મ્હેર કરોને મહારાજ...

ૐ

(દિપીકાબેન)          ગણપતિ વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં

ગણપતિ વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં (૨)
  રામજીની ધૂનમાં શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...
ગણપતિ વહેલા આવો સાથે રિદ્ધિ સિદ્ધિ લાવો
  હનુમંત વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...
શિવજી વહેલા આવો સાથે પાર્વતીને લાવો
  કાર્તિક વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...
બ્રહ્મા વહેલા આવો સાથે બ્રહ્માણીને લાવો
  નારદ વહેલા આવો શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...
સંતો વહેલા આવો સાથે ભક્તજનોને લાવો
  ગુણહરીનાં ગાવો શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...
ભક્તો ભેગા થાઓ સૌએ એવી ધૂન મચાવો
  અંબા મંડળમાં આવો શ્રી રામજીની ધૂનમાં... ગણપતિ...

ॐ

(દિપીકાબેન) ઓ દુનિયાનાં દુઃખ હરનારાં

ઓ દુનિયાનાં દુઃખ હરનારાં, તું જાતે દુઃખી કેમ થયો,
મા-બાપને જોયા બંધનમાં, પછી ગોકુળમાં તું કેમ ગયો...
ઓ દુનિયાનાં...
તું ચૌદ લોકનો છે સ્વામી, ઘટ ઘટ વ્યાપી અંતરયામી,
સુંદર સઘળાં સ્થળ છોડીને, તારો જનમ જેલમાં કેમ થયો...
ઓ દુનિયાનાં...
તું અજય અભયને અવિનાશી, કોની બીકે ગયો ગોકુળ નાશી,
મધરાતે ને ભર વરસાદે કહેને હેરાન શીદ થયો...
ઓ દુનિયાનાં...
તું જગત ગુરૂને જ્ઞાનેશ્વર, ભગવત ગીતાનો યોગેશ્વર,
નિર્બંધ છતાં વ્રજ ગોવાલણનાં બંધનમાં તું કેમ રહ્યો...
ઓ દુનિયાનાં...
પ્રારબ્ધ તો સર્વે ભોગવવાનું, કર્માધીન સુખદુઃખ મળવાનું,
સંસારી એમાં શું સમજે, સંતો તારા સમજી તો ગયો...
ઓ દુનિયાનાં...

ॐ

(કોકીલા માસી) એ મોરલી મધુવનમાં રે વાગી

એ મોરલી મધુવનમાં રે વાગી,
 વગાડે પેલો કાન રે... એ મોરલી...
ચાર પાંચ ગોપીઓ ટોળે મળીને,
 કાનને મંદિર જાય રે... એ મોરલી...
સાત સમુંદરની ગોળી રે કીધી, મેરુ કીધો રવૈયો રે...
કાળી તે નાગના નેતરા રે કીધાં, મહીડાની રેલમ છેલ રે...
એક બાજુ કાળા કાનજી વલોવે, બીજી બાજુ રાધીકા ગૌરા રે...
હળવે હળવે તાણો કાન ગૌરી નંદાશે,
ગૌરી નંદાશે મારી ચોરી છંટાશે,
 મોતીઓની માળા તૂટશે રે... એ મોરલી...
એટલું કહ્યું કાન રીસાઈ ચાલ્યા,
 જઈ રહ્યા વૃંદાવનમાં રે... એ મોરલી...
ચાર પાંચ ગોપીઓ ટોળે મળીને,
 કાનો મનાવા જાય રે... એ મોરલી...
આવો આવો કાન તમને કેડે બેસાડું,
 આટલી તે રીસ શીદ રાખીયે રે... એ મોરલી...
એટલું કહ્યુંને કાન મનાઈ આવ્યા,
 માખણની રેલમ છેલ રે... એ મોરલી...
આવો આવો કાન તમે ભરવાડ ભાણેજ,
 માખણને રોટલો આપું રે... એ મોરલી...

ૐ

(ઝંખનાબેન) **કભી રામ બનકે, કભી શ્યામ બનકે**

કભી રામ બનકે, કભી શ્યામ બનકે,
ચલે આના પ્રભુજી ચલે આના... ચલે આના...
તુમ શ્યામ રૂપ મેં આના,
રાધા સાથ લે કે, મોરલી હાથ લે કે... ચલે આના...
તુમ શિવ રૂપ મેં આના,
ગૌરી સાથ લે કે, ડમરૂ હાથ લે કે... ચલે આના...
તુમ વિષ્ણુ રૂપ મેં આના,
લક્ષ્મી સાથ લે કે, ચક્ર હાથ લે કે... ચલે આના...
તુમ ગણપતિ રૂપ મેં આના,
રિદ્ધિ સાથ લે કે, સિદ્ધિ સાથ લે કે... ચલે આના...

ૐ

(જાગૃતીબેન) ચોરી ચોરી માખણ ખાઈ ગયો રે

ચોરી ચોરી માખણ ખાઈ ગયો રે,
વો તો છોરો ગોવાલ કો... (૨)
મેં ને ઉસે પૂછા કી નામ તેરા ક્યાં હે
કીશન કનૈયા બતાઈ ગયો રે... વો તો છોરો...
મેં ને ઉસે પૂછા મા-બાપ તેરે કૌન હે
નંદ યશોદા બતાઈ ગયો રે... વો તો છોરો...
મેં ને ઉસે પૂછા કી ખાના તેરા ક્યાં હે
માખન મીસરી બતાઈ ગયો રે... વો તો છોરો...
મેં ને ઉસે પૂછા કી પ્યારી તેરી કૌન હે
રાધા રાણીજી બતાઈ ગયો રે... વો તો છોરો...

ૐ

(જાગૃતીબેન) હો હો રે કાન લાગે રૂપાળો

હો હો રે કાન લાગે રૂપાળો (૨)
લાગે રૂપાળો એ તો મોરલીવાળો...
ગોરા ગોરા મુખડાને જાદું ભરી આંખડી,
માથે શોભે છે એને લાલ પીળી પાઘડી,
નંદજીનો લાલો લાલ લાગે લટકારો... હો હો રે...
પીળાં પીતાંબર ને જરકશી જામા,
ગળે શોભે છે એને વૈજંતી માળા,
તેડી એની બંસરી ને તેડી એની આંખડી... હો હો રે...
કાળો કાળો તોય કામણગારો,
સખીઓનો શ્યામ કરે નિત નવો ચારો,
માખણનો ચોર એતો માખણ ખાનારો... હો હો રે...

ૐ

( જરકસી-કસબી-જરીકામવાળું, જામા-કપડાં )

(સુજાતાબેન)     એકવાર એકવાર એકવાર મોહન મારે મંદિરએ

એકવાર એકવાર એકવાર મોહન મારે મંદિરએ આવોજી રે...
મારે મંદિરએ આવો મારાં વ્હાલા,
  મારાં આંગણીયા શોભાવોજી રે...  એકવાર...

કંકુ કેસરનાં સાથીયાં પુરાવો,
  શેરીએ ફુલડાં વેરાવો જી રે...  એકવાર...
આશોપાલવનાં તોરણ બંધાવું,
  કેળનાં સંભળ પાવુજીરે...  એકવાર...

નાનીશી ઝુપડીને મન મારાં મોટા,
  તેમાં ના શરમાવોજી રે...  એકવાર...
માયાને મુડીમાં વાલાં તારું નામ છે,
  બીજી વસ્તુનો અભાવો જી રે...  એકવાર...

અંતરનાં હેતથી આપને વધાવશું,
  લઇશું અમુલખ લ્હાવો જી રે...  એકવાર...
ભક્તો એ કહે છે પ્રભુ પ્રેમને આધીન છે,
  પ્રેમરસ પીવોને પાવોજી રે...  એકવાર...

રામ ધુન લાગી ગોપાલની ધુન લાગી
હરીનાં ભજનની લાગી ધુન લાગી રે...

ૐ

(શાંતાબા) શામળીયા ને કહેજો રે

(રાગ – કેશ મારો ચાલ્યો રે સાસુજીની કચેરીમાં )

શામળીયા ને કહેજો રે આટલો સંદેશો મારો,
 વાલમજી ને કહેજો રે આટલો સંદેશો મારો...
મથુરાના રાજા થયા છો, ગોપીઓને ભુલી ગયા છો.
 આવા નતા જાણ્યા રે... આટલો સંદેશો મારો...
સાથે રમ્યા સાથે જમ્યા, એ દિવસ કેમ ભૂલ્યા.
 યાદ તારી આવે રે... આટલો સંદેશો મારો...
ઘરમાં આવી પેસી જાતા, માખણ મારું લુટી ખાતા.
 ગોવાળોની સાથે રે... આટલો સંદેશો મારો...
કુબજા માં મન મોહ્યા, ગોપીઓને ભૂલી ગયા.
 આવા શું નઠારા રે... આટલો સંદેશો મારો...
ગોકુળીયા માં ગમતું નથી, મથુરા અવાતું નથી.
 આંખે આંસુ આવે રે... આટલો સંદેશો મારો...
ગાયો તારી ઝુરી મરતી, ચારો મુખે ચરતી નથી.
 શ્યામને સંભાળે રે... આટલો સંદેશો મારો...
મંદિર સુના માળ સુના, ગાયોના ગોવાળ સુના.
 સુની વ્રજની નારી રે... આટલો સંદેશો મારો...
ગોપીઓના સાદ સુણી, વહેલા આવો વનમાળી.
 દર્શનીયા દેજો રે... આટલો સંદેશો મારો...
ભક્તો કરે કાલા વાલા, વ્હેલા આવો બંસીવાલા.
 ગોપી જુએ વાટ રે... આટલો સંદેશો મારો... ૐ

(ફાલ્ગુનીબેન) મીઠી મારી આંખડીના તારા

મીઠી મારી આંખડીના તારા, હો રામ લાગો છો પ્યારા (૨)
પ્રાણ થકી પ્યારા પ્રભુ લાગો છો પ્યારા... (૨)
મીઠી મારી...
રાજા દશરથને ઘેર જન્મ તમે લીધો... (૨)
પીતાજીના બોલ પાળનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી...
વાલી વાનરનો વધ તમે કીધો... (૨)
સુગ્રીવને સહાય કરનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી...
સતી સીતાને મોહ થયો ત્યારે... (૨)
માયાવી મૃગ મારનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી...
અહલ્યાબાઈનો ઉદ્ધાર કીધો... (૨)
શબરીના બોર જમનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી...
વીર હનુમંતને અમર કીધા... (૨)
જટાયું ને મોક્ષ આપનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી...
રાજા રાવણનો વધ તમે કીધો... (૨)
વિભીષણને રાજ આપનારા, ઓ રામ લાગો છો પ્યારા
મીઠી મારી... ॐ

(ફાલ્ગુનીબેન)        કરજે કરજે નૈયા પાર કનૈયા તારો છે આધાર

કરજે કરજે નૈયા પાર કનૈયા તારો છે આધાર,
આ મારા જીવનનો તું શાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...
જુઠી છે આ જગની માયા, જુઠી છે આ કાચી કાયા,
જુઠો જાણ્યો છે સંસાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...
જીવન લાગે છે મને ખારું, નામજ તારું લાગે પ્યારું,
તું છે આશાનો એક તાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...
મારી નૈયા નીર્ભય કરજે, પ્રભુજી તુજ શુકાની બનજે,
તું જ સૌનો તારણહાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...
મારી અરજી દીલમાં ધરજે, મારા સંકટ સહુ દુર કરજે,
કરજે અજ્ઞાનનો અંધકાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...
સુંદર ગુણ આપના ગાવે, ભવસાગરથી તરવા માગે,
સૂનો લાગે છે સંસાર કનૈયા તારો છે આધાર...
કરજે કરજે...

ૐ

(શોભનાબેન) મથુરામાં ખેલ ખેલી આવ્યાં

મથુરામાં ખેલ ખેલી આવ્યાં,
હો કાન ક્યાં રમી આવ્યા...
માથાનો મુંગટ ક્યાં મુકી આવ્યાં,
વેણી તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
કાનનાં કુંડલ ક્યાં મુકી આવ્યાં,
એરીંગ તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
નાકની નથની ક્યાં મુકી આવ્યાં,
વાળી તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
મુખની તે મોરલી ક્યાં મુકી આવ્યાં,
ખંજરી તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
ગળાના હારને ક્યાં મુકી આવ્યાં,
કંઠી તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
હાથની પોચી ક્યાં મુકી આવ્યાં, કંગન તે કોનાં ચોરી લાવ્યાં...
કેડની કટારી ક્યાં મુકી આવ્યાં, કુંદોરો કોનો ચોરી લાવ્યાં...
પગનાં ઝાંઝર ક્યાં મુકી આવ્યાં, સાંકળા તે કોના ચોરી લાવ્યાં...
પીળું પિતામ્બર ક્યાં મુકી આવ્યાં,
સાડી તે કોની ચોરી લાવ્યાં... હો કાન..
મનડું તમારું ક્યાં મુકી આવ્યાં,
શુદ્ધબુદ્ધ કોની ચોરી લાવ્યાં... હો કાન..

ૐ

(શીતલબેન) મારે નાની નાની ગલીઓમાં ઘૂમવું છે

મારે નાની નાની ગલીઓમાં ઘૂમવું છે,
કોઈ નીંદા કરે એને કરવા દો...
કે મારે નાની નાની...
મારે ડાકોર ગામમાં જાવું છે, મારે ગોમતીજીમાં ન્હાવું છે,
મારે રણછોડરાયને મળવું છે...
કે મારે નાની નાની...
મારે પંઢળપૂરમાં જાવું છે, મારે ચંદ્રભાગામાં ન્હાવું છે,
મારે વિઠ્ઠલરાયને મળવું છે...
કે મારે નાની નાની...
મારે જુનાગઢમાં જાવું છે, મારે દામોદરકુંડ ન્હાવું છે,
મારે નરસિંહ મહેતાને મળવું છે...
કે મારે નાની નાની...
મારે કૈલાસ ધામમાં જાવું છે, મારે ગંગાજીમાં ન્હાવું છે,
મારે મહાદેવજીને મળવું છે...
કે મારે નાની નાની...
મારે ગોકુળ ગામમાં જાવું છે, મારે જમુનાજીમાં ન્હાવું છે,
મારે કૃષ્ણ કનૈયાને મળવું છે...
કે મારે નાની નાની...

ૐ

(શીતલબેન) ધૂન - વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા

વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા, હરી ૐ વિઠ્ઠલા,
કોણે કોણે દીઠેલા, હરી ૐ વિઠ્ઠલા...
મથુરામાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
વાસુદેવે દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા... વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...
ગોકુળમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
નંદબાબાએ દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા...
મેવાડમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
મીરાબાઈએ દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા... વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...
જુનાગઢમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
નરસિંહ મહેતા એ દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા...
વિરપુરમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
જલારામે દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા... વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...
પંઢરપુરમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
પુન્ડરીકે દિઠેલા, પાંડુરંગ વિઠ્ઠલા...
દ્વારીકામાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
સુદામાએ દિઠેલા, હરી ૐ વિઠ્ઠલા... વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...
ડાકોરમાં આવેલા, હરી ૐ વિઠ્ઠલા...
બોડાણાએ દીઠેલા, હરી ૐ વિઠ્ઠલા... વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...

ૐ

(ધર્મિષ્ઠા) શબરી બેઠી વનમાં પોકારે રામ રામ

શબરી બેઠી વનમાં પોકારે રામ રામ (૨)
ક્યારે આવે રામ મારા ક્યારે આવે રામ...

હે... રોજ સવારે શબરી ઝુંપડી રે વાળતી,
ઝુંપડી વાળીને એનાં રામને પોકારતી.
વ્હેલાં આવો રામ મારા વ્હેલાં આવો રામ (૨)
ક્યારે આવે રામ...
હે... ભરરે નીંદરમાંથી ઝબકીને જાગતી,
પાંદડુ હલે ને જોવાને લાગતી.
રાત દિવસ એમ જોયા કરે વાટ (૨)
ક્યારે આવે રામ...
હે... મનમાંને મનમાં શબરી મૂંઝાતી,
શુંરે કરૂ રે મારા રામની મહેમાની.
એંઠા જૂઠા બોર વીણી રાખે રામ કાજ (૨)
ક્યારે આવે રામ...
હે... એક દિવસ સોનાનો સૂરજ ઉગ્યો,
શબરીના ઘરે રામ પધાર્યા.
ધન્ય તારી ભક્તિ એમ કહી ગયા રામ (૨)
ક્યારે આવે રામ...

ૐ

(ધર્મિષ્ઠા) ધૂન – પાંચ પચ્ચીસનાં ઝગડામાં

પાંચ પચ્ચીસનાં ઝગડામાં હીરો ખોવાયો મારો વગડામાં
હીરો ખોવાયો મારો વગડામાં (૨) પાંચ પચ્ચીસનાં...
ગોકુળમાં જઈ નંદરાયને પૂછ્યું,
હીરોતો વાસુદેવનાં ટોપલામાં... પાંચ પચ્ચીસનાં...
મથુરામાં જઈ વાસુદેવને પૂછ્યું,
હીરોતો જશોદાનાં ખોળામાં... પાંચ પચ્ચીસનાં...
ગોકુળમાં જઈ જશાદાજીને પૂછ્યું,
હીરોતો ગોવાળોનાં ટોળામાં... પાંચ પચ્ચીસનાં...
ગોકુળમાં જઈ ગોવાળોને પૂછ્યું,
હીરોતો ગોપીઓની મટકીમાં... પાંચ પચ્ચીસનાં...
વૃંદાવનની વાટે જઈ ગોપીઓને પૂછ્યું,
હીરોતો દ્વારીકાનાં મંદીરમાં... પાંચ પચ્ચીસનાં...
દ્વારીકામાં જઈ પૂજારીને પૂછ્યું,
હીરોતો ડાકોરનાં દહેરામાં... પાંચ પચ્ચીસનાં...
ડાકોરમાં જઈ બોડાણાને પૂછ્યું,
હીરોતો ભક્તોનાં ભાવોમાં... પાંચ પચ્ચીસનાં...
ડાકોરમાં જઈ શક્તિ મંડળને પૂછ્યું,
હીરોતો બેનોનાં રૂદિયામાં... પાંચ પચ્ચીસનાં...

ૐ

(શ્યામા) મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ... (ટેક)
લક્ષ્મીવાડી શ્રીજીની રૂડી રળિયામણી (રઢિયાળી),
પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી,
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ... શ્રીજીને...
ડોલર ગુલાબ ગુલ ચંપો ચમેલી,
કેતકી કરેણ જાઈ જૂઈ અલબેલી,
મોગરાની પાંખડીમાં સૌરભ અમૂલ... શ્રીજીને...
ફૂલડે ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું,
વીણી વીણીને મારું મનડું પ્રોઈ દીધું,
એકસો ને આઠ ચૂંટ્યાં મોગરાનાં ફૂલ... શ્રીજીને...
મોગરાની માળા ગૂંથી માવ કવિ રાયે,
કાવ્યની કુસુમ માળ કદી ના કરમાયે,
વિણગુણ એ માળા તણા મૂલ છે અમૂલ... શ્રીજીને...

ૐ

(શ્યામા) મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી

મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી, યમુનાજી મહાપ્રભુજી,
મારુ મનડું છે ગોકુળ વનરાવન,
મારા તનના આંગણિયામાં તુલસીનાં વન
મારા પ્રાણ જીવન... મારા ઘટમાં...

મારા આતમના આંગણે શ્રીમહાકૃષ્ણજી,
મારી આંખો દીસે ગિરિધારી રે ધારી.
મારુ તન મન ગયું છે જેને વારી રે વારી,
હે મારા શ્યામ મુરારિ... મારા ઘટમાં...

હે મારા પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા,
નિત્ય કરતા શ્રીનાથજીને કાલા રે વાલા.
મેં તો વલ્લભ પ્રભુજીનાં કીધાં છે દર્શન,
મારું મોહી લીધું મન... મારા ઘટમાં...

હું તો નિત્ય વિઠ્ઠલ વરની સેવા રે કરું,
હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરું.
મેં તો ચિતડું શ્રીનાથજીને ચરણે ધર્યું,
જીવન સફળ કર્યું... મારા ઘટમાં...

મેં તો પુષ્ટિ (ભક્તિ) રે મારગ કેરો સંગ રે સાધ્યો,
  મને ધોળ કિર્તન કેરો રંગ રે લાગ્યો.
મેં તો લાલાની લાલી કેરો રંગ રે માંગ્યો,
  હીરલો હાથ લાગ્યો... મારા ઘટમાં...

આવો જીવનમાં લ્હાવો ફરી કદી ના મળે,
  વારે વારે માનવદેહ ફરી ન મળે.
ફેરો લખ રે ચોર્યાસીનો મારો રે ફળે,
  મને મોહન મળે... મારા ઘટમાં...

મારી અંત સમય કેરી સુણો રે અરજી,
  લેજો શરણોમાં શ્રીજીબાવા દયા રે કરી.
મને તેડાં રે યમ કેરાં કદી ન આવે,
  મારો નાથ તેડાવે... મારા ઘટમાં...

શ્રીનાથજી બોલો, શ્રી યમુનાજી બોલો... (3)

ॐ

(ક્રિષ્ણાકાંતભાઈ) મારી હુંડી સ્વીકારો મહારાજ રે

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી
મારી હૂંડી શામળીયાને હાથ રે, શામળા ગિરધારી

સ્થંભ થકી પ્રભુ પ્રગટીયા, વળી ધરીયું નરસિંહ રૂપ;
પ્રહલાદને ઉગારીયો રે,
હે વા'લે માર્યો હરણાકંસ ભૂપ રે... શામળા ગિરધારી...

ગજને વા'લે ઉગારીયો, વળી સુદામાની ભાંગી ભુખ;
સાચી વેળાના મારા વાલમા રે,
તમે ભક્તો ને આપ્યા ઘણા સુખ રે... શામળા ગિરધારી...

પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીના પૂર્યા ચીર;
નરસિંહ મેહતાની હૂંડી સ્વીકારજો રે,
તમે સુભદ્રા બાઇના વિર રે... શામળા ગિરધારી...

રેહવાને નથી ઝુંપડી, વળી ખાવા નથી જુવાર;
બેટો-બેટી વળાવીયા રે,
મેં તો વળાવી ઘર કેરી નાર રે... શામળા ગિરધારી...

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમ નો હાર;
સાચું નાણું મારે શામળો રે,
મારે મૂડીમાં ઝાંઝ-પખાજ રે... શામળા ગિરધારી...

તિરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની બહાર;
વેશ લીધો વણીકનો રે,
મારું શામળશા શેઠ એવું નામ રે... શામળા ગિરધારી...

હૂંડી લાવો હાથમાં વળી, આપું પૂરા દામ;
રૂપીયા આપું રોકડા રે,
મારું શામળશા શેઠ એવું નામ રે... શામળા ગીરધારી...

હૂંડી સ્વીકારી વા'લે શામળે, વળી અરજે કિધાં કામ;
મેહતાજી ફરી લખજો રે,
મુજ વાણોત્તર સરખાં કામ રે... શામળા ગિરધારી...

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી
મારી હૂંડી શામળીયાને હાથ રે... શામળા ગિરધારી...

ૐ

- નરસિંહ મહેતા

( ગરથ-ધન-પૈસો-સમૃદ્ધિ, ગોપીચંદન-ટીલું કરવામાં વપરાતી એક પીળી માટી, હેમ-સોનું-કાંચન, ઝાંઝ-મંજીરા-કાંસીજોડું, પખાજ-પખવાજ-મૃદંગ જેવું, વાણોત્તર-સાંભળીને બોલ પાલનાર )

(હેમંતભાઈ) તમે મન મુકીને વરસ્યાં

તમે મન મુકીને વરસ્યાં, અમે જનમજનમના તરસ્યાં
તમે મુશળધારે વરસ્યાં, અમે જનમજનમના તરસ્યાં...
તમે...

હજારે હાથે તમે દીધું પણ, ઝોળી અમારી ખાલી
જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો, તોયે અમે અજ્ઞાની.
તમે અમૃતરૂપે વરસ્યાં,
અમે ઝેરના ઘૂંટડા સ્પર્શયાં... તમે...

સાદે સાદે શાતા આપે, એવી તમારી વાણી
એ વાણીની પાવનતાને, અમે કદી ના પીછાણી
તમે મહેરામણ થઈ ઉમટયાં,
અમે કાંઠે આવી અટકયાં... તમે...

સ્નેહની ગંગા તમે વહાવી, જીવન નિર્મળ કરવા
પ્રેમની જ્યોતિ તમે જગાવી, આતમ ઉજવળ કરવા
તમે સૂરજ થઇને ચમક્યાં
અમે અંધારામાં ભટક્યાં... તમે...

ૐ

( મહેરામણ-મહાસાગર )

## પાલવડો મેલી દીયો નંદલાલા

પાલવડો મેલી દીયો નંદલાલા,
  ઓ નંદના લાલ મોરલીઓ વાળા...  પાલવડો...
પાલવડો નહીં મેલું વ્રજની નારી,
  ઓ વ્રજની નારી તું બહું છે ઠગારી...  પાલવડો...
મહીની મટુકી જોને મારે છે માથે,
  શાને રોકો છો મને અધવચની વાટે...
જારે જા ઓ મારા વ્હાલા, કપટી કાના હો કાળા,
  નખરા છોડો નંદલાલ...
  ઓ નંદના લાલા મોરલીઓ વાળા...  પાલવડો...
માને ના મારું કોઈ ના વાતે,
  જારે જા નહીં બોલું તારી સાથે...
  ઓ નંદના લાલા મોરલીઓ વાળા...  પાલવડો...
ચુંદડી ઓઢી છે તારી એક દિન માથે,
  જારે જા ઓ મારા વ્હાલા, કપટી કાના હો કાળા
  નખરા છોડો નંદલાલ...  પાલવડો...

ૐ

## ધૂન - હાં રે મારો કાનો પાંચ વર્ષનો
(રાગ - હાંરે મને વિરપુર વ્હાલું...)

હાં રે મારો કાનો પાંચ વર્ષનો,
ઓલી પેલી રાધા આઠ વર્ષની...
કે જોડી તારી નહિ જામે રે (૨)... ગિરધારી.
હાં રે મારો કાનો કામણગારો,
ઓલી પેલી રાધા ગોરી ગોરી...
કે જોડી તારી નહિ જામે રે (૨)... ગિરધારી.
હાં રે મારો કાનાને માખણ ભાવે,
ઓલી પેલી રાધાને રબડી ભાવે.
કે જોડી તારી નહિ જામે રે (૨)... ગિરધારી.
હાં રે મારો કાનાને મુગટ શોભે,
ઓલી પેલી રાધાને ઝાંઝર શોભે.
કે જોડી તારી નહિ જામે રે (૨)... ગિરધારી.
હાં રે મારો કાનાને મોરલી શોભે,
ઓલી પેલી રાધાને કંગન શોભે.
કે જોડી તારી નહિ જામે રે (૨)... ગિરધારી.

ૐ

## આનંદ ઉમંગ ભયો જય હો નંદ લાલકી

આનંદ ઉમંગ ભયો જય હો નંદ લાલકી (૨)
નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી (૨)
વ્રજ મેં આનંદ ભયો જય યશોદા લાલકી (૨)
હાથી ઘોડા પાલકી જય કનૈયા લાલકી (૨)
નંદ ઘેર આનંદ ભયો...
ગોકુળ મેં આનંદ ભયો જય કનૈયા લાલકી
જય હો નંદ લાલકી જય યશોદા લાલકી
હાથી ઘોડા પાલકી જય કનૈયા લાલકી
નંદ ઘેર આનંદ ભયો...
આનંદ ઉમંગ ભયો જય હો નંદ લાલકી
કોટી બ્રમાંડ કે અધીપતી લાલકી
હાથી ઘોડા પાલકી...
ગોવે ચરાને આયે જય હો પશુપાલકી
પૂનમ કે ચંદ જૈસી શોભા હૈં બાલકી
હાથી ઘોડા પાલકી...
ભક્તો કે આનંદ કંદ જય યશોદા લાલકી
જય યશોદા લાલકી જય હો ગોપાલકી
હાથી ઘોડા પાલકી...
આનંદ સે બોલો સબ જય હો વ્રજ લાલકી
જય હો વ્રજ લાલકી પાવન પ્રતિ પાલકી
નંદ ઘેર આનંદ ભયો... ૐ (પ્રતિ-ગ્રંથની નકલ)

## શંભુ ચરણે પડી, માંગુ ઘડી એ ઘડી, કષ્ટ કાપો

શંભુ ચરણે પડી, માંગુ ઘડી એ ઘડી, કષ્ટ કાપો.
દયા કરી શિવ દર્શન આપો...

તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા;
હું તો મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો.
દયા કરી શિવ દર્શન આપો...

આપો ભક્તિમાં ભાવ અનેરો, શિવભક્તિમાં ધર્મ ઘણેરો,
પ્રભુ શંભુને પૂજો, દેવી પાર્વતી પૂજો, કષ્ટ કાપો.
દયા કરી શિવ દર્શન આપો...

અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી;
ભાલે ચંદ્ર ધર્યો, કંઠે વિષ ભર્યું, અમૃત આપો.
દયા કરી શિવ દર્શન આપો...

નેતિવનેતિ જ્યાં વેદ વદે છે, મારું ચિતડું ત્યાં જવા ચાહે છે;
સારા જગમાં છે તું, વસુ તારામાં હું, શક્તિ આપો.
દયા કરી શિવ દર્શન આપો...

હું તો એકલ પંથી પ્રવાસી, છતાં આત્મા કેમ ઉદાસી?
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી, સમજણ આપો.
દયા કરી શિવ દર્શન આપો...

આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું;
  મારા મનમાં વસો, આવી હૈયે વસો, શાંતિ સ્થાપો.
    દયા કરી શિવ દર્શન આપો...

ભોળા મહાદેવ ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપો;
  ટાળો માન – મદ, ગાળો ગર્વ સદા, ભક્તિ આપો.
    દયા કરી શિવદર્શન આપો...

અંગે શોભે છે રુદ્રની માળા, કંઠે લટકે છે ભોરિંગ કાળા;
  તમે ઉમિયાપતિ, અમને આપો મતિ, કષ્ટ કાપો.
    દયા કરી શિવ દર્શન આપો...

શંભુ ચરણે પડી, માંગુ ઘડી એ ઘડી, કષ્ટ કાપો.
  દયા કરી શિવ દર્શન આપો...

ૐ

## થાળ - મારા રસભીના રણછોડ

મારા રસભીના રણછોડ તમને શું કરી જમાડું,
 જેના હાથે જીવનદોર (૨) તમને શું કરી જમાડું...
તારૂં આપ્યું લેવું ને તારું દીધું દેવું,
 એમા મારૂં કાંઈ નહિ જોર (૨) તમને શું કરી જમાડું...
દુનિયાનું પોષણ કરનારો મારું શું જમનારો,
 હું તો જનમ જનમનો ચોર (૨) તમને શું કરી જમાડું...
ભાવભરી પીરસી પતરાળી પ્રેમભરી છે ઝારી,
 આ મુખવાસે બેઉ કર જોડ (૨) તમને શું કરી જમાડું...
ભક્તોનાં અંતરમાં પોઢો સ્નેહની ચાદર ઓઢો,
 મારા કાળજડાની કોર (૨) તમને શું કરી જમાડું...

ૐ

## આરતી - જય કાના કાળા, પ્રભુ જય કાના કાળા

જય કાના કાળા, પ્રભુ જય કાના કાળા,
  મીઠી મોરલીવાળા, નટવર નંદલાલા... ૐ જય કાના...
કામણગારા કાન, કામણ બહુ કીધાં પ્રભુ (૨)
  માખણ ચોરી મોહન ચિત્ત ચોરી લીધાં... ૐ જય કાના...
નંદ જશોદા ઘેર, વૈકુંઠ ઉતારી પ્રભુ (૨)
  કાલિયમર્દન કીધું ગાયોને ચારી... ૐ જય કાના...
ગુણ તણો તુજ પાર કેમે નહિ આવે પ્રભુ (૨)
  નેતિ નેતિ વેદ પોકારે પુનિત શું ગાવે?... ૐ જય કાના...

ૐ

## સાચા સત્સંગમાં રે આજ મને લાલો દેખાય છે

સાચા સત્સંગમાં રે આજ મને લાલો દેખાય છે,
ભક્તિના રંગમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...
જૂનાગઢ ગામ છે ને નાગરોની નાત છે,
નરસૈયાના ધામમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...
ચિતોડ ગામ છે ને મેવાડાની નાત છે,
મીરાંના ઝેરમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...
જાદવ કુળ છે ને પાંડવોનું નામ છે,
દ્રૌપદીનાં ચીરમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...
વીરપુર ગામ છે ને લુવાણાની નાત છે,
જલારામના ધામમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...
ગોકુળિયું ગામ છે ને તીરથનું ધામ છે,
જશોદાની ગોદમાં રે આજ મને લાલો દેખાય છે. સાચા...

ॐ

(શીતલબેન) મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે

મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે...

મારે મેવાડ શહેરમાં જાવું છે, મારે શ્રીજી બાવાને મળવું છે.
ખોલો ખોલો (૨) શ્રીજીબાવા દ્વાર દર્શન કરવા છે.
મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે...
મારે ચંપાર શહેરમાં જાવું છે, મારે મહાપ્રભુજીને મળવું છે.
ખોલો ખોલો (૨) મહાપ્રભુજી દ્વાર જળજી ભરવા છે.
મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે છે...
મારે મથુરા શહેરમાં જાવું છે, મારે મહારાણીમાં ને મળવું છે.
ખોલો ખોલો (૨) મહારાણીમાં દ્વાર મારે પાન ધરવાઈ છે.
મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે છે...
મારે જતીપુરામાં જાવું છે, મારે ગીરરાજજીને મળવું છે.
ખોલો ખોલો (૨) ગીરરાજજી દ્વાર પરીક્રમાં કરવી છે.
મારો ચાર પૈડા નો રથ ઘૂઘરી ધમકે છે...

ૐ

(સુજાતાબેન) હે પંપાસરોવરની પાસ શબરીની ઝુપડી

હે પંપાસરોવરની પાસ શબરીની ઝુપડી...
ઋષી મુની સંતનો નિવાસ શબરીની ઝુપડી... હે પંપાસરોવરની...

લીલું લીલું ઘાસ ગો માતને નિરાય છે,
પ્રેમેથી પાણીડાં પવાય... શબરીની ઝુપડી.
એક બાજું તુલસીનાં વન રૂડાં શોભતા,
વાયુ વાઈને મહેંકી જાય... શબરીની ઝુપડી... હે પંપાસરોવરની...
લીપી ગુપીને રૂડો આશ્રમ દીપાવ્યો,
ધુપ અને દીપ ઘણા થાય... શબરીની ઝુપડી.
ચાલે અંખડ ધુન શ્રી રામ નામની,
હે સંતોની સેવાઓ થાય... શબરીની ઝુપડી... હે પંપાસરોવરની...
આશા છે મોટી મોટી રામ દશરથની,
વ્હાલાજીની વાટડી જોવાય... શબરીની ઝુપડી.
મીઠાં મીઠાં બોર ચાખી રામ કાજ રાખીયા,
ક્યારે આવીને જમી જાય... શબરીની ઝુપડી... હે પંપાસરોવરની...
નામ લેતાં વાટ જોતા રામજી પધાર્યા,
પ્રેમ થકી લાગે છે પાય... શબરીની ઝુપડી.
કહે ભોળાનાથ શ્રી દશરથ નંદનનાં,
દર્શન કરે શબરીમાંઈ... શબરીની ઝુપડી...
હે પંપાસરોવરની પાર શબરીની ઝુપડી...
ઋષી મુની સંતનો નિવાસ શબરીની ઝુપડી...હે પંપાસરોવરની...ૐ

(કોકીલા માસી)        ઓ મારા વ્હાલા રે તારો ભરોશો મને ભારી

ઓ મારા વ્હાલા રે તારો ભરોશો મને ભારી,

હાથ ઝાલો તો લેજો ઉગારી રે...

ઓ કનૈયો રે બાંધી પ્રીતડી તમારી,

હાથ ઝાલો તો લેજો ઉગારી રે...

નરસિંહ મહેતાનો સાદ સૂણીને,

ઓ મારા વ્હાલા રે... હાર આપ્યા હાથો હાથ... હાથ...

કુવરબાઇનું મામેરુ પૂરવા,

ઓ મારા વ્હાલા રે... નગર નાત જમાડી... હાથ...

ભક્ત સુદષયા તમને પોકારે,

ઓ મારા વ્હાલા રે... ઉકળતા તેલ દીધા ઠારી... હાથ...

પાંડવ સભામાં દ્રોપદી પોકારે,

ઓ મારા વ્હાલા રે... ચીર પૂર્યાં મોરારી... હાથ...

નરસિંહ મહેતાની હુંડી સ્વીકારવા,

ઓ મારા વ્હાલા રે... શેઠ શામળા રૂપધારી... હાથ...

મીરા તે બાઈનો શાદ સૂણીને,

ઓ મારા વ્હાલા રે... વિષના અમૃત ઠારી... હાથ...

ભક્ત પ્રહલાદની ટેક તમે રાખવા,

ઓ મારા વ્હાલા રે... સ્તંભ ફાડી લીધો ઉગારી... હાથ...

ભારત ભૂમીનો ભાર ઉતારવા,

ઓ મારા વ્હાલા રે... ગોકુળમાં ગાયો ચરાવી... હાથ...

ઓ કનૈયા રે જોજે ના લાજ જાય મારી... હાથ...        ૐ

## રણછોડજી આવો જરી અમને તમારી જરૂર પડી

રણછોડજી આવો જરી અમને તમારી જરૂર પડી,
પડી પડી પડી પડી જરૂર પડી...

નરસિંહ મહેતાએ ભક્તિ કીધી નાગર જનોએ ઇર્ષા કરી,
નાગર જનોએ ઇર્ષા કરી, મામેરા પુરવા આવ્યા હરિ...
આવ્યા આવ્યા આવ્યા હરિ... પડી પડી...
મીરાંબાઈએ ભક્તિ કીધી રાણાજી એ ઇર્ષા કીધી,
રાણાજી એ ઇર્ષા કીધી, ઝેરનાં અમૃત કર્યા હરિ...
કર્યા કર્યા કર્યા હરી... પડી પડી...
શકુબાઈએ ભક્તિ કીધી સાંસુજી એ ઇર્ષા કરી,
સાંસુજી એ ઇર્ષા કરી, વહેવારૂ થઈને આવ્યા હરી...
આવ્યા આવ્યા આવ્યા હરી... પડી પડી...
જનાબાઈએ ભક્તિ કરી પાડોશણે ઇર્ષા કરી,
પાડોશણે ઇર્ષા કરી, છાણમાં વિઠ્ઠલ બોલ્યા હરી...
બોલ્યા બોલ્યા બોલ્યા હરી... પડી પડી...
બોડાણાએ ભક્તિ કરી, ઘુઘરીઓએ ઇર્ષા કરી,
ઘુઘરીઓએ ઇર્ષા કરી, ગાડે બેસીને ડાકોર આવ્યા હરી...
આવ્યા આવ્યા આવ્યા હરી... પડી પડી...
દ્રોપડીએ ભક્તિ કીધી કૌરવોએ ઇર્ષા કરી,
કૌરવોએ ઇર્ષા કરી, નવસો નવ્વાણું ચીર પુર્યા હરી...
પુર્યા પુર્યા પુર્યા હરી... પડી પડી...

પ્રહલાદજીએ ભક્તિ કીધી પિતાજીએ ઇર્ષા કરી,
પિતાજીએ ઇર્ષા કરી, સ્થંભમાં દર્શન દીધાં હરી...
દીધાં દીધાં દીધાં હરી... પડી પડી...
ભજન મંડળે ભક્તિ કીધી ઘરવાળાએ ઇર્ષા કરી,
ઘરવાળાએ ઇર્ષા કરી, ભજનમાં આવી કિર્તન કર્યા હરી...
ઘરવાળાએ ઇર્ષા કરી, ભજનમાં દર્શન દીધાં હરી...
દીધાં દીધાં દીધાં હરી... પડી પડી...

ૐ

## માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો

માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો,
જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી તારું કંકુ

મંદિર સર્જાયુ ને ઘંટારવ ગાજ્યો,
નભનો ચંદરવો માએ આંખ્યુંમાં આંજ્યો,
દિવો થાવા મંદિરનો ચાંદો આવી પૂગ્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી તારું કંકુ

માવડીની કોટમાં તારાના મોતી,
જનનીની આંખ્યુમાં પૂનમની જ્યોતિ,
છડી રે પૂકારી માની મોરલો ટહુક્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી તારું કંકુ

માવડીના રથના ઘૂઘરા બોલ્યા,
અજવાળી રાતે માએ અમૃત ઢોળ્યાં,
ગગનનો ગરબો માના ચરણોમાં ઝૂક્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી તારું કંકુ

ૐ

- અવિનાશ વ્યાસ

ॐ

ॐ

**Print information**

**Title page:  No Title page this book is all same papers**

**1st_side>>p2s1,37,p2s2,35,4,33,6,31,8,29,10,27,12,25,14,23,16,21,18,19**

**2nd_side>>38,p1s1,36,p1s2,34,3,32,5,30,7,28,9,26,11,24,13,22,15,20,17**

**Start from 2nd COL and 3rd COL and fill in top to botoom till end.**
**Then Start from bottom to top 4th COL and 1st COL.**
**Then take Col-3, Col-4 and Col-1,Col-2.**

| | COL-1 | COL-2 | COL-3 | COL-4 |
|---|---|---|---|---|
| TITLE | 38 | P1S1 | P2S1 | 37 |
| 1 | 36 | P1s2 | P2s2 | 35 |
| 2 | 34 | 3 | 4 | 33 |
| 3 | 32 | 5 | 6 | 31 |
| 4 | 30 | 7 | 8 | 29 |
| 5 | 28 | 9 | 10 | 27 |
| 6 | 26 | 11 | 12 | 25 |
| 7 | 24 | 13 | 14 | 23 |
| 8 | 22 | 15 | 16 | 21 |
| 9 | 20 | 17 | 18 | 19 |
| 10 | | | | |
| 11 | | | | |
| 12 | | | | |
| 13 | | | | |
| 14 | | | | |
| 15 | | | | |